**જન્મદિને વધામણી**



રંજનબેન તેજપાલ ગાંધી
મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧



મહેશભાઈ દેવકરણભાઈ પટેલ



રાકેશ બ્રહ્મભટ્ટ



ધ્રુવમ દિપકકુમાર રૂપાકર
મો. ૯૪૨૭૦ ૧૬૮૩૨



આર્યા વિનયકુમાર પરમાર

### સ્વર્ણિમ પાર્કમાં દેશભક્તિનો માહોલ છવાયો

# 'સૅટરડે નાઈટ્સ' દ્વારા શહીદોને સલામી







પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સના બૅનર તળે 'સૅટરડે નાઈટ્સ' જેવા અનોખા કાર્યક્રમનું આયોજન કરતા ગાંધીનગરના યુવાન કલાકારોએ શનિવારે રાત્રે ગાંધીનગર સ્વર્ણિમ પાર્કમાં દેશભક્તિનો માહોલ સર્જીને ખૂબ પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. દેશના શહીદ સૈનિકોને સન્માન અને સલામી અર્પતા અનોખા નાટકનો ઉપક્રમ આ વખતે 'સૅટરડે નાઈટ્સ' અંતર્ગત આયોજિત કરવામાં આવ્યો હતો. આ માટે આ કલાકારોએ 'શહીદ' નામક નાટકનું સર્જન કર્યું હતું. આ નાટકમાં એક સૈનિકના ગૌરવશાળી જીવન, તેની લાગણીઓ, તેના પરિવારની વાત ઉપરાંત શહાદત પછી પરિવારની હાલત જેવા મુદ્દાઓને વણી લેવામાં આવ્યા હતા. સૈનિકને સન્માન આપવું અને શહીદ સૈનિકના પરિવાર પ્રત્યે સંવેદના પ્રગટ કરવી એવો સંદેશ આ નાટક દ્વારા કલાકારોએ પ્રસારિત કર્યો હતો. નાટકના પ્રારંભે દેશના શહીદ સૈનિકોના સન્માનાર્થે કલાકારો અને પ્રેક્ષકો દ્વારા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું, રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું અને એ પછી નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. અનોખા અંદાજમાં રજૂ થયેલા આ નાટકને પ્રેક્ષકોએ ખૂબ વખાણ્યું હતું અને તેની પ્રસ્તુતિ બદલ સૌ કલાકારોને અભિનંદન આપ્યા હતા.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સુનોક-ખારી મુકામે સેવાકાર્ય



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સુનોક તથા ખારી મુકામે ૮ ગામોનાં ૧૦૫ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા, ટૉનિકની બોટલ, બિસ્કીટ તથા પેરાસીટામોલની સ્ટ્રીપ આપવામાં આવી હતી. સુનોક મુકામે ૫૫ તથા ખારી મુકામે ૫૦ લાભાર્થીઓએ આ સેવાકાર્યનો લાભ લીધો હતો. આ ઉપરાંત સુનોક આંગણવાડીમાં સંસ્થા દ્વારા બાળકોને નાસ્તો પિરસવામાં આવ્યો હતો અને તેમને રમકડાં પણ ભેટમાં આપવામાં આવ્યાં હતાં. આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી જયેશ ખંભાતી, ચાવડાભાઈ, ગામેતીભાઈ, મિલિન્દભાઈ તથા કનુભાઈ ઠાકોર જોડાયા હતા.

## સર્ટી ટુ ડિપ્લોમાની ૧૨ હજાર બેઠકો માટે ૨૨મીથી પ્રવેશ

### આઈટીઆઈ કે તો ટેકનિકલ એજ્યુકેશન બોર્ડને લગતો ધોરણ-૧૦ સમકક્ષ કોર્સ કર્યો હોય તેમને ડિપ્લોમા ઈજનેરીના બીજા વર્ષમાં પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૬

ધો.૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે આગામી તા.૯મી જૂનથી કાર્યવાહી શરૂ થાય તેવી શકયતા છે. જો કે, તા.૨૨મી મેથી સર્ટિફિકેટ કોર્સમાંથી ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ માટે કાર્યવાહી શરૂ કરી દેવામાં આવશે. સર્ટિફિકેટ ધારકોને ડિપ્લોમા ઈજનેરીના બીજા વર્ષમાં સીધો પ્રવેશ આપવામાં આવે છે. અંદાજે ૧૨ હજાર જેટલી બેઠકો માટે આ કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ખાલી પડનારી બેઠકો માટે નવેસરથી કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. આઈટીઆઈ અથવા તો ટેકનિકલ એજ્યુકેશન બોર્ડને લગતો ધોરણ-૧૦ને સમકક્ષ કોઈ કોર્સ કર્યો હોય તેમને ડિપ્લોમા ઈજનેરીના સીધા બીજા વર્ષમાં પ્રવેશ ફાળવવામાં આવે છે.

દર વર્ષે સર્ટિફિકેટ કોર્સના વિદ્યાર્થીઓ માટે અલગથી કાર્યવાહી થતી હોય છે. ચાલુ વર્ષે સી ટુ ડી એટલે કે સર્ટિફિકેટ ટુ ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે તા.૨૨મી મેથી ૩૧મી મે સુધી બુકલેટ અન પીનવિતરણ કરવાનું શરૂ કરવામાં આવશે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે નિયમ પ્રમાણે દરેક બ્રાન્ચમાં સી ટુ ડીના વિદ્યાર્થીઓ માટે અલગથી બેઠકો નક્કી કરવામાં આવે છે. હાલમાં અંદાજે દરેક બ્રાન્ચની મળીને ૧૨ હજાર જેટલી બેઠકો ઉપલબધ છે.

દર વર્ષે થતી આ પ્રવેશ પ્રક્રિયામાં માત્ર બે થી અઢી હજાર વિદ્યાર્થીઓ જ સી ટુ ડી માં પ્રવેશ લેતાં હોય છે. જેના કારણે ૮ હજાર અથવા તો તેના કરતાં પણ વધારે બેઠકો ખાલી પડતી હોય છે. સી ટુ ડી માટે કાઢવામાં આવતી બેઠકો સુપર ન્યુમેરિક હોવાના કારણે આ બેઠકો ખાલી રાખવામાં આવે છે. ચાલુવ વર્ષે પણ ૮ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેવી શકયતાં પ્રવેશ સમિતિના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

**ડાયરેક્ટ ❤ સે**

ઘણી વખત
આપણે દોરા
કાચા પસંદ કરીએ છીએ
એટલે
આખી જિંદગી
ગાંઠ વાળવામાં જ
ખર્ચાઈ જાય છે

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૧૨.૩૦
સરકાર-૩
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૩**
મેરી પ્યારી બિંદુ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦
૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરકાર-૩
૧૨.૪૫

**સ્ક્રીન-૪**
સરકાર-૩
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧.૪૫, ૫.૦૦, ૮.૩૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

## વર્તન, વાણી, વ્યવહાર, કાળજી, અભિવ્યક્તિનું સાતત્ય અને સંબંધોમાં પ્રસન્નતા

તરુણ વયના બે મિત્રો. બંને એક જ શાળામાં, એક જ વર્ગમાં અભ્યાસ કરે. બંનેના ઘર પણ બાજુ-બાજુમાં. શાળાએ સાથે જવાનું અને સાથે જ આવવાનું. ઈત્તર પ્રવૃતિઓ, હરવા ફરવાનું, ફિલ્મો જોવાનું, લાઈબ્રેરી જવાનું, બધુ જ સાથે. કહો ને કે દિવસમાં બાર થી ચૌદ કલાક બંને સાથે જ રહે. બંનેએ બારમું ધોરણ પાસ કર્યું અને એક મિત્રને અચાનક વિદેશ જઈને સ્થાયી થવાના સંજોગ ઊભા થયા. બંને મિત્રો સતત સંપર્કમાં રહેશે એવા વચનો લેવાયા અને પેલો મિત્ર ચાલ્યો ગયો વિદેશ.

આ ઘટના એ સમયની છે જ્યારે એક બીજાથી દૂર રહેતા અને ખાસ કરીને વિદેશ રહેતા સ્નેહીઓ સાથે સંપર્કમાં રહેવા માટેનું એક માત્ર સરળ અને સસ્તું માધ્યમ પત્રો જ હતા. બંને મિત્રો વિખૂટા પડ્યા પછી છએક મહિના બંને વચ્ચે સાતત્યભર્યો પત્ર વ્યવહાર ચાલ્યો. પછી ધીમે ધીમે વિદેશ વસી ગયેલો મિત્ર સંપર્કમાં રહેવામાં અનિયમિત થઈ ગયો અને બંનેના સંબંધોનું સાતત્ય તૂટી ગયું. થોડા વર્ષો પછી વિદેશ ગયેલો મિત્ર થોડો સમય ભારતની મુલાકાતે આવ્યો ત્યારે ફરી એ જ ઉમળકો, એ જ લગાવ, એ જ ઉત્સાહ, એ જ લાગણીભરી વાતો. એ મિત્ર વિદેશ પરત ગયો એટલે ફરી પાછું બધુ જ હતું ત્યાં ને ત્યાં. વિદેશ જઈ વસેલા મિત્રની સંપર્ક માં રહેવાની લાપરવાહી કે બેદરકારીને કારણે બંને વચ્ચે લાંબો સમય સંપર્કનું સાતત્ય તૂટી જવાને કારણે ભારતમાં રહેલો મિત્ર સતત દુઃખી થયા કરે કારણ, કે એ થોડો વધારે લાગણીશીલ હતો. વર્ષો પછી પરિણામ એ આવ્યું કે બંને મિત્રોના સંપર્કો અને સંબંધોમાં લગભગ પૂર્ણવિરામ જ મુકાઈ ગયું. કોઈપણ સંબંધોમાં સંપર્કનું સાતત્ય તૂટે એટલે સંબંધોનું સાતત્ય ના રહે, પરિણામે સંબંધો પણ તૂટે કે છૂટે.

કોઈપણ પ્રકારના માનવીય સંબંધોને નિભાવવા કે ટકાવવા માટે અન્ય ઘણા પરિબળોની સાથે સાથે એક મહત્વનુ પરિબળ છે સંપર્કનું અને સંબંધોનું સાતત્ય.

સંબંધોના સાતત્ય માટે વ્યક્તિના વર્તન, વ્યવહાર અને સંબંધો પ્રત્યેના તેના અભિગમનું સાતત્ય મહત્વનુ છે. જે વ્યક્તિની વાણી, વર્તન, વ્યવહાર કે અભિગમમાં સાતત્ય ના હોય તે વ્યક્તિ સાથે સંબંધોનું સાતત્ય જાળવવું મુશ્કેલ બને છે.

કોઈપણ પ્રકારના કારણ વિના વ્યક્તિનું રિસાઈ જવું, કોઈ જ પ્રકારના વાંક કે ગુના વિના સંબંધિત વ્યક્તિ ઉપર ગુસ્સે થવું, કોઈ જ કારણ વિના સંબંધિત વ્યક્તિનું અપમાન કરી દેવું, ક્યારેક સંબંધિત વ્યક્તિ ઉપર પ્રેમથી વરસાદની હેલીની જેમ વરસી પડવું, ક્યારેક હૃદયમાથી અનર્ગલ હેત ઉભરાવું તો ક્યારેક એ જ વ્યક્તિ પ્રત્યે કોઈ ઠોસ કારણ વિના નફરત, તેની અવગણના કે ઉપેક્ષા. આ બધી જ બિનસાતત્યપૂર્ણ વર્તન ની નિશાનીઓ છે. વ્યક્તિના આવા બિનસાતત્યપૂર્ણ વર્તન અને અભિગમને કારણે તેના વર્તન વિષે કોઈ જ વ્યક્તિ, ક્યારેય કોઈ જ પ્રકારનું નક્કર અનુમાન કરી શક્તી નથી, ભવિષ્યકથન કરી શકતી નથી કે તેના વિષે છાતી ઠોકીને કહી શક્તી નથી. માનવીય સંબંધોમાં જે વ્યક્તિના વર્તન વિષે ઠોસ અનુમાન ના થઈ શકે તે વ્યક્તિ ઉપર બહુ ઓછા લોકો સંપૂર્ણ વિશ્વાસ મૂકે છે. માનવીય સંબંધોની ઈમારતનો પાયાનો એક પથ્થર વિશ્વાસ છે. બીજા શબ્દોમાં એવું પણ કહી શકાય કે વ્યક્તિનું સાતત્યપૂર્ણ વર્તન એ પણ માનવીય સંબંધોની ઈમારતનો એક મહત્વનો ભાગ છે.




vamlani@yahoo.co.uk

પ્રાણીશાસ્ત્રના નિષ્ણાંતો એવું કહે છે કે પ્રાણીઓના વર્તનમાં હંમેશા સાતત્ય રહેલું હોય છે. સિંહ હંમેશા સિંહ જેવુ જ વર્તન કરે છે. સિંહ ક્યારેય શિયાળ જેવુ વર્તન નથી કરતો.

માનવીય વર્તનના સાતત્યનો અર્થ એવો નથી કે દરેક સંજોગોમાં કે દરેક પરિસ્થિતિમાં, હંમેશા વ્યકિતના વર્તનનું ચોક્કસ જ અનુમાન કરી શકાય. માણસ આખરે માણસ હોય છે, જેને પોતાની લાગણીઓ હોય છે, પોતાના ગમા-અણગમા હોય છે, પોતાની જીવનશૈલી અને જીવનરીતિ હોય છે અને પોતાના જીવનના મૂલ્યો હોય છે. વ્યક્તિ પોતાની આંતરિક પ્રેરણા કે અંતઃસ્ફુરણા કે પોતાના એક અલગ મિજાજ (મૂડ) પ્રમાણે વર્તન કરીને ક્યારેક લોકોને વિસ્મયમાં પામડી શકે છે કે અચંબામાં મૂકી શકે છે. વ્યકિત જ્યારે અતિશય ભાવાવેશમાં આવી જાય છે ત્યારે પણ અસાતત્યભર્યું વર્તન કરી બેસે છે, પણ આ પ્રકારનું તેનું વર્તન અપવાદરૂપ કિસ્સાઓમાં જ હોય છે, અન્યથા સામાન્ય સંજોગોમાં તેનું વર્તન સાતત્યપૂર્ણ જ હોય છે.

જે વ્યક્તિની વાણી, વર્તન અને વ્યવહારમાં વારંવાર કોઈ ઠોસ કારણ વિના બદલાવ આવ્યા કરે છે, વાણી, વર્તન અને વ્યવહારનું સાતત્ય નથી જળવાતું તે વ્યક્તિ પ્રત્યે સંબંધિત લોકોને શંકા-કુશંકાઓ પેદા થાય છે, તે વ્યક્તિ વિષે સાચા-ખોટા અનુમાનો અને માન્યતાઓ બંધાય છે અને તે વ્યક્તિ સાથેના સંબંધોમાં એક પ્રકારનું અવિશ્વાસનું વાતાવરણ પેદા થાય છે. લોકો એવી વ્યક્તિ વિષે "એનો કોઈ ભરોસો નહીં", "એ ગમે ત્યારે ગમે એમ બોલી નાખે", " તેને કોની સાથે કેવું વર્તન કરવું એનું ભાન જ નથી" જેવા શબ્દો વાપરે છે. વ્યક્તિના વર્તનનું આ પ્રકારનું અસાતત્ય તેના સંબંધોમાં વિસંવાદીતતા સર્જી શકે છે.

માનવીય સંબંધોમાં વ્યક્તિ પોતાના મિત્રો, પોતાના જીવનસાથી, પોતાના સ્નેહીઓ, સંબંધીઓ કે કુટુંબીજનો સાથેના પોતાના વર્તન, વાણી, વ્યવહાર, લાગણીઓની અભિવ્યકિત, સંબંધિત વ્યક્તિઓની જરૂરિયાતો પૂરી પાડવામાં અને કાળજી રાખવાની રીતમાં સાતત્યની અપેક્ષા રાખવામા આવે છે. વ્યક્તિ જ્યારે આ પ્રકારની સાતત્યપૂર્ણ રહેવાની અપેક્ષાઓ પૂરી કરવામાં ઊણી ઉતરે છે ત્યારે બંનેના સંબંધોમાં ખટરાગ ઊભા થવાના સંજોગો ઊભા થાય છે અને સંબંધોમાં વિપરીત અસરો પડે છે.

માનવીય સંબંધોમાં કોઈ વ્યક્તિ કોઈની ક્યારેય રાહ નથી કે જોતી ઈંતઝાર નથી કરતી. વ્યક્તિના વર્તન, વાણી, વ્યવહાર કે અભિગમમાં જ્યારે સાતત્યનો અભાવ વર્તાય છે ત્યારે સંબંધિત વ્યક્તિઓ વ્યક્તિના સાતત્યપૂર્ણ વ્યવહારની રાહ જોવાને બદલે તેનાથી દૂર ભાગવાનો પ્રયત્ન કરે છે. ધીમે ધીમે લોકો તેનાથી દૂર થતાં જાય છે અને લાંબા ગળે એ વ્યક્તિ એકલી અટૂલી પડી જાય છે.

સંબંધોનું સાતત્ય એટલે નિયમિત રીતે એકબીજાના સંપર્કમાં રહેવું, એકબીજાના સારા-નરસા પ્રસંગોમાં ભાગ લેવો, એકબીજાના સુખ-દૂઃખમાં ભાગીદાર બનવું, જરૂર ઊભી થાય ત્યારે યથાશક્તિ એકબીજાને મદદરૂપ થવું, સધિયારો આપવો, સાથ આપવો, નિયમિત રીતે એકબીજાને વગર કારણે પણ મળતા રહેવું અને ખુલ્લા મનથી પોતપોતાની લાગણીઓ અભિવ્યક્ત કરતી રહેવી. સંબંધો ટકાવી રાખવા માટે વ્યક્તિના વર્તનના સાતત્યની સાથે સાથે આ પ્રકારનું સાતત્ય પણ જરૂરી છે.

જે સંબંધોમાં સાતત્ય હોય તે સંબંધોમાં બંને વ્યક્તિઓનો એકબીજામાં રસ જળવાઈ રહે છે. સાતત્યભર્યા સંબંધોમાં વિશ્વાસ કે વફાદારીના પ્રશ્નો ભાગ્યે જ ઊભા થાય છે. સાતત્યભર્યા સંબંધોમાં દરેક સંબંધિત વ્યક્તિઓ સલામતીની લાગણી અનુભવે છે. સાતત્યભર્યા સંબંધોમાં દરેક સંબંધિત વ્યક્તિ ખુશખુશાલ અને પ્રસન્ન રહે છે. જે સંબંધોમાં સંબંધિત વ્યક્તિઓ પ્રસન્ન હોય છે તે સંબંધો પણ પ્રસન્ન જ રહે છે.

આપણા સંબંધોને પ્રસન્ન રાખવા, ચાલો આપણે સૌ સાતત્યપૂર્ણ વ્યવહાર માટે પ્રયત્ન કરીએ.



## ઈન્ટિગ્રેટેડ ઍમબીએ અને ઍમસીએમાં હવે એડમિશન કમિટી દ્વારા જ પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૬

રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી ઈન્ટિગ્રેટેડ એમબીએ-એમસીએ કોલેજોમાં પ્રવેશની પ્રક્રિયા અત્યાર સુધી જે તે યુનિવર્સિટી અને કોલેજો દ્વારા કરવામાં આવતી હતી. પરંતુ ચાલુ વર્ષથી આ કાર્યવાહી માત્ર એડમિશન કમિટી દ્વારા કરવામાં આવશે તેનો મહત્વનો નિર્ણય કરાયો છે. માત્ર એમબીએ-એમસીએ નહી પરંતુ ડી.ફાર્મના કોર્સની પ્રવેશ પ્રક્રિયા પણ પ્રવેશ સમિતિ દ્વારા જ કરાશે તેવુ પણ નક્કી કરાયુ છે.

એમબીએ-એમસીએ રેગ્યુલર કોર્સમાં પ્રવેશની પ્રક્રિયા એડમિશન કમિટી દ્વારા કરવામાં આવે છે. પરંતુ ઈન્ટિગ્રેટેડ એટલે કે ધો.૧૨ પછી એમબીએ-એમસીએમાં પ્રવેશ માટેના કોર્સ જુદી જુદી યુનિવર્સિટીઓ અને કોલેજોમાં ચલાવવામાં આવે છે. જેની પ્રવેશ પ્રક્રિયા જે તે સંસ્થા અને યુનિવર્સિટી દ્વારા કરાતી હોય છે.

ગુજરાત યુનિવર્સિટીમાં પણ ઈન્ટિગ્રેટેડ એમબીએ-એમસીએના કોર્સ ચલાવવામાં આવે છે જેની પ્રવેશ પ્રક્રિયા યુનિવર્સિટી દ્વારા કરાતી હોય છે. ધો.૧૨ સાયન્સનુ પરિણામ જાહેર થતાની સાથે જ તાજેતરમાં કેટલીક યુનિવર્સિટીઓ અને કોલેજોએ પોતાના એમબીએ-એમસીએ ઈન્ટિગ્રેટેડ કોર્સમાં પ્રવેશ માટેની જાહેરાતો આપવાનું શરૂ કરી દીધુ છે.

## 'નીટ' સમસ્યા બાબતે વાલીઓએ શિક્ષણમંત્રીને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૧૬

મેડિકલમાં પ્રવેશ માટે નીટની પરીક્ષામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં અલગ અલગ પ્રશ્નપત્રો આપવાના કારણે વિદ્યાર્થી-વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

સોમવારે ગુજરાતી માધ્યમના ૩૦૦થી વધુ વાલીઓએ ગાંધીનગર જઈને શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. વાલીઓએ શિક્ષણવિભાગમાં એક આવેદનપત્ર પણ આપ્યું હતું. જેમાં એવી ચીમકી આપવામાં આવી હતી કે, નીટની પરીક્ષામાં ઊભી થયેલી વિસંગતતાના કારણે માનસિક દબાણમાં આવીને કોઈ વિદ્યાર્થી આપઘાત જેવું અંતિમ પગલું ભરે તો તેની જવાબદારી સરકારની રહેશે. મેડિકલ માટેની નીટ એકઝામ પહેલી વખત ફરજિયાત કરવામાં આવી અને તેમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં અલગ અલગ પ્રશ્નો પુછવામાં આવતાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ભારે અન્યાય થાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. આ કારણે સોમવારે અમદાવાદ ઉપરાંત વડોદરા, રાજકોટ, સુરત, મહેસાણા, ભાવનગર, જામનગર વગેરે શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ગુજરાતી માધ્યમના વાલીઓ પણ ગાંધીનગર રજૂઆત કરવા માટે દોડી આવ્યા હતા.